અરજદાર:– ડો.બ્રિજેશકુમાર જે.સાપરીયા
સામાવાળા:– જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (સ્મીમેર કોલેજ)

અપીલ અરજી આઈ.ડી.નં.૦૨
તા.૨૦/૧૧/૨૦૧૭

ફરીયાદની હકીકત:–

વિષય:– આર.ટી.આઈ. એક્ટ હેઠળ આઈ.ડી.નં.૨૨૪, તા. ૧૭/૧૦/૨૦૧૭ ની આપની અરજીના તા.૦૧/૦૧/૨૦૦૬ થી આજ દિન સુધી સ્મીમેર મેડીકલ કોલેજમાં ફરજ બજાવતા / બજાવેલી હોય તેવા બધા જ બજેટ સેન્ટર ઈન્ચાર્જ, પર્સોનેલ ઓફિસર, ઈ.ચા.પર્સોનેલ ઓફિસર, સેકશન ઓફિસર, ઈ.ચા.સેકશન ઓફિસર, એકાઉન્ટન્ટ, ડે.એકાઉન્ટન્ટ, ઈ.ચા.એકાઉન્ટન્ટ, ડે.ઈ.ચા. એકાઉન્ટન્ટના પુરેપુરા નામ, કર્મચારી નંબર, કઈ તારીખ થી કઈ તારીખ સુધી ફરજ બજાવી તેની લેખિત પ્રમાણિત માહિતી પુરી પાડવા બાબત.

અરજદાર શ્રી ડો.બ્રિજેશકુમાર જે.સાપરીયાની તા.૧૭/૧૦/૨૦૧૭ ની આઈ.ડી.નં.૨૨૪ થી સ્મીમેર મેડીકલ કોલેજ ખાતેના તા.૦૧/૦૧/૨૦૦૬ થી આજ દિન સુધી સ્મીમેર મેડીકલ કોલેજમાં ફરજ બજાવતા / બજાવેલી હોય તેવા બધા જ બજેટ સેન્ટર ઈન્ચાર્જ, પર્સોનેલ ઓફિસર, ઈ.ચા.પર્સોનેલ ઓફિસર, સેકશન ઓફિસર, ઈ.ચા.સેકશન ઓફિસર, એકાઉન્ટન્ટ, ડે.એકાઉન્ટન્ટ, ઈ.ચા.એકાઉન્ટન્ટ, ડે.ઈ.ચા. એકાઉન્ટન્ટના પુરેપુરા નામ, કર્મચારી નંબર, કઈ તારીખ થી કઈ તારીખ સુધી ફરજ બજાવી તેની લેખિત પ્રમાણિત નકલોની માંગણી કરેલ છે. આ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી (સ્મીમેર કોલેજ) તરફથી માહિતી પુરી પાડવામાં આવેલ નથી. જેથી અરજદારશ્રીએ સ્મીમેર મેડીકલ કોલેજ દ્વારા પુરી નહી પાડવામાં આવેલ માહિતીથી અસંતોષ થવાનું જણાવી એપેલેટ ઓફિસરશ્રી (સ્મીમેર) ઈનવર્ડ નં.૭૧૧૩, તા.૨૦/૧૧/૨૦૧૭ ના રોજ પ્રથમ અપીલ કરેલ છે.

અરજદારની અપીલ અરજીના સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રીને માહિતી પુરી પાડવા અંગે હુકમ કરવામાં આવે છે.

ઉપરોક્ત નહી પુરી પાડવામાં આવેલ માહિતી આ સાથે સામેલ કરેલ છે.

## હુકમ

અજદારની મૂળ અરજી અપીલ અરજીની વિગતે ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની અપીલ અરજીના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (સ્મીમેર કોલેજ)ને સમય અવધિમાં અરજદારશ્રીને માહિતી પુરી પાડવા કાળજી રાખવા તાકીદ સહ જણાવવામાં આવે છે. વધુમાં અરજદારને અપીલ અરજી અન્વયે માહિતી પુરી પાડવામાં આવે છે જેથી આ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર
સ્મીમેર

નં.સ્મીમેર/ ૩૫૬૪

તા.૨૩/૧૧/૨૦૧૭
પ્રતિ,
ડો.બ્રિજેશકુમાર જે. સાપરીયા
એ/૧૦૬, પ્રથમ માળ સ્વપ્ન સૃષ્ટિ કોમ્પલેક્ષ,
આઈમાતા ચોક પાસે, પ્રમુખ ડોક્ટર હાઉસની સામે,
પરવટ પાટીયા,સુરત–૩૯૫૦૧૦

Scanned by CamScanner

RIGHT TO INFORMATION

અપીલ અરજી આઈ.ડી.નં.૦૩
તા. ૧૪/૦૨/૨૦૧૮

**અરજદારઃ**– ડો.વિલાસ યુ. ચવાણ

**સામાવાળાઃ**– જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (સ્મીમેર મેડીકલ કોલેજ)

**વિષયઃ**– માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૧૦ હેડની પ્રથમ અપીલ નં. ૦૩ બાબતે.

**સંદર્ભઃ**–
(૧) આર.ટી.આઈ. એક્ટ હેઠળ આઈ.ડી.નં.૨૩૬, તા. ૨૮/૧૧/૨૦૧૭ ની માહિતી માંગતી અરજી.
(૨) સ્મીમેર/૩૮૩૭, તા.૧૮/૧૨/૨૦૧૭ થી નકલ ફી માટેની જાણ.
(૩) સ્મીમેર/ઈન નં. ૭૮૬૭, તા.૧૯/૧૨/૨૦૧૭ થી અરજદારે નકલ ફી ભર્યાની જાણ કરેલ.
(૪) સ્મીમેર/૩૮૬૭, તા.૨૦/૧૨/૨૦૧૭ થી જાહેર માહિતી અધિકારીએ પાઠવેલ જવાબ/નકલો.
(૫) સ્મીમેર/ઈન નં. ૭૯૫૩, તા.૨૨/૧૨/૨૦૧૭ થી અરજદારની પ્રથમ અપીલ.
(૬) સ્મીમેર/૪૨૫૪, તા.૧૭/૦૧/૨૦૧૮ થી રૂબરૂ સુનાવણી અંગેની જાણ.

**ફરીયાદની હકીકતઃ**–

અરજદાર શ્રી ડો.વિલાસ યુ. ચવાણ, સ્મીમેર મેડીકલ કોલેજમાં ફરજ બજાવતા હોય તેઓની ઉપરોકત સંદર્ભ–૧ ની માહિતી માંગતી અરજીથી તેઓએ મુદ્દા નં. ૧ થી ૪ અન્વયે તેઓની એલ.ટી.સી./એચ.ટી.સી. બાબતે સ્મીમેર/ઈનવર્ડ નં. ૬૨૬૫, તા. ૧૬/૧૦/૧૭ ની રજુઆત અરજી સંદર્ભે થયેલ કાર્યવાહીની વિગતો માંગવામાં અવેલ.

અરજદારશ્રીની સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી (સ્મીમેર મેડીકલ કોલેજ) એ અરજદારશ્રીને સંદર્ભ–૨ નાં પત્રથી પુરી પાડવા જોગ નકલો માટેની નકલ ફી રૂા. ૨૪/– ભરપાઈ કરવા જણાવેલ. અરજદારશ્રીએ સંદર્ભ– ૩ થી અત્રેની કચેરીએ નકલ ફી રૂા. ૨૪/– સ્ક્રોલ નં. ૧૦૨/૧, તા. ૧૯/૧૨/૧૭ નાં રોજ ભરપાઈ કરેલ. જેથી જાહેર માહિતી અધિકારીશ્રીએ સંદર્ભ– ૪ થી અરજદારશ્રીને માંગેલ માહિતીની નકલો નંગ–૧૨ રહેઠાણનાં સરનામે ટપાલથી રવાના કરેલ.

આથી તેઓની આર.ટી.આઈ. અરજી અંગે રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી નિયમોનુસાર પુરી પાડવામાં આવેલ છે. અરજદારશ્રીને પૂરી પાડવામાં આવેલ માહિતીથી અસંતોષ થતા સંદર્ભ–૫ થી અત્રેની કચેરીએ પ્રથમ અપીલ કરેલ છે.

પ્રથમ અપીલનાં અનુસંધાને અરજદારશ્રીને સંદર્ભ–૬ મુજબ પ્રથમ અપીલની સુનાવણી તા. ૨૦/૦૧/૨૦૧૮ થી મુકરર કરવામાં આવેલ. જેમાં અરજદારશ્રી પોતે, જાહેર માહિતી અધિકારીશ્રી રજા ઉપર હોય મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રી હાજર રહેતા સુનાવણી હાથ ધરાયેલ.

અરજદારની મુખ્ય રજુઆત છે કે, "તેઓએ માંગેલ માહિતી પૈકીનાં મુદ્દા નં. ૧ ની માહિતી સંપૂર્ણ ન હોવાની અને મુદ્દા નં.
૪ ની માહિતી આપવાની રજુઆત કરતા જણાવેલ કે, તેઓની એલ.ટી.સી. રીઈમ્બર્સમેન્ટ માટે રજુ કાગળો પૈકી અત્રેની કચેરી
ધ્વારા જે એલ.ટી.સી. કલેઈમ રીઈમ્બર્સ કરેલ છે; તેમાં તેઓને ચૂકવાયેલ રેલ્વે ભાડા અને એર ભાડામાંથી ટેક્ષીસની કપાત કરેલ
છે. જે ટેક્ષીસ કપાત બાબતે પ્રવર્તમાન એલ.ટી.સી.નાં માન્ય ઠરાવમાં કોઈ જોગવાઈ નથી. જેથી ભાડામાંથી ટેક્ષીસની કપાત કરવા
માટે એવો કોઈ ઠરાવ કે પરિપત્રની માંગણી તેઓ ધ્વારા કરવામાં આવેલ."

જે અનુસંધાને મદદનીશ જાહેર માહિતી અધિકારીએ પણ અરજદારશ્રીની માંગેલ માહિતીનાં મુદ્દા નં. ૧ બાબતે જરૂરી
સ્પષ્ટતા મેળવી પુરી પાડવાનું જણાવેલ છે અને મુદ્દા નં. ૪ બાબતે તેઓએ હાલ માન્ય પ્રવર્તમાન એલ.ટી.સી.ઠરાવો મુજબ સુરત
મહાનગરપાલિકા ધ્વારા પ્રચલિત પ્રથા મુજબ એલ.ટી.સી. કલેઈમ રીઈમ્બર્સમેન્ટની કામગીરી કરવામાં આવે છે. જે ઠરાવની નકલ
તેઓને પુરી પાડેલ હોવાની રજુઆત સુનાવણી દરમ્યાન કરેલ છે, પરંતુ ઠરાવનાં અર્થઘટન અર્થે અરજદારશ્રીની મુખ્ય રજુઆત
મુજબ એલ.ટી.સી. કલેઈમ રીઈમ્બર્સમેન્ટમાં રેલ્વે ભાડા અને એર ભાડામાં ટેક્ષીસની કપાત અંગે મદદનીશ જાહેર માહિતી
અધિકારીશ્રીએ સ્પષ્ટતા કરેલ કે, હાલ પ્રવર્તમાન ઠરાવ/પરિપત્રની તમામ જોગવાઈઓનું અનુસરણ કચેરી વહીવટી પધ્ધતિ સુરત
મહાનગરપાલિકાની મુખ્ય કચેરીએથી અપાયેલ નિર્દેશો મુજબ કરવાની હોય અરજદારની રજુઆત ગ્રાહ્ય રાખી શકાય નહી.

૨...

Scanned by CamScanner

આમ, રેકર્ડ પરની હકીકત, તમામ પક્ષોની રજુઆત તથા અરજદારશ્રીની મુખ્ય રજુઆત ધ્યાને લેતા તેઓશ્રીએ માંગેલ માહિતીનાં મુદ્દાઓ પૈકી મુદ્દા નં.૧ ની માહિતી સંદર્ભે તેઓની જરૂરી લાગત વિભાગ ધ્વારા થયેલ કાર્યવાહીની એલ.ટી.સી./એચ.ટી.સી. ક્લેઈમની અરજી મધ્યસ્થ મહેકમ વિભાગ પ્રતિ રવાના કરેલ હોય માહિતી પુરી પાડવાની રહે છે. જયારે મુદ્દા નં. ૪ બાબતેની માહિતી માટે અન્ય કોઈ ઠરાવ કે પરિપત્રની માહિતી અત્રેનાં રેકર્ડ ચકાસતા અને મદદનીશ માહિતી અધિકારીશ્રીની રજુઆત મુજબ ઉપલબ્ધ નથી, પરંતુ સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીની લાગત એકાઉન્ટ વિભાગે એલ.ટી.સી. ક્લેઈમ રીઈમ્બર્સમેન્ટ માટેની હાલની પ્રચલિત પ્રથા મુજબ સ્પષ્ટતા આપેલ છે. જે સ્મીમેર મેડીકલ કોલેજ ખાતેનાં કર્મચારીઓનાં એલ.ટી.સી./હોમ ટાઉન ક્લેઈમ રીઈમ્બર્સમેન્ટ બાબતે લાગુ પાડવાનાં રહે અને ઠરાવ કે પરિપત્રનાં અર્થઘટન બાબતે પ્રચલિત પ્રથા સિવાય અન્ય પ્રણાલી લાગુ કરી શકે નહી. તેમજ અરજદારશ્રીની માંગણી મુજબનાં ઠરાવોની નકલો પુરી પાડવામાં આવેલ છે. સ્મીમેર મેડીકલ કોલેજ સુરત મહાનગરપાલિકા ધ્વારા સંચાલિત સંસ્થા હોય જે ઠરાવનું અર્થઘટન મુખ્ય કચેરીનાં ધારા–ધોરણે કરવામાં આવે છે. જેથી તે સિવાય અલાયદા ધોરણે અત્રેની કચેરીનાં કાર્યક્ષેત્રમાં આવતુ નથી. જેથી સદર મુદ્દા નં. ૪ અન્વયે માંગેલ ઠરાવ/પરિપત્ર જે એલ.ટી.સી./હોમ ટાઉન ક્લેઈમ રીઈમ્બર્સમેન્ટ બાબતેનો છે. જે અત્રેથી અરજદારશ્રીને ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. એમ અરજદારશ્રીની એલ.ટી. સી.ક્લેઈમ રીઈમ્બર્સમેન્ટ અંગેની મૌખિક રજુઆતનાં આધારે નિર્ણીત કરેલ છે.

આમ, અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નીચે મુજબ નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

(૧) આથી અરજદારની તા. ૨૨/૧૨/૧૭ નાં રોજની પ્રથમ અપીલ અરજી આંશિક મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદારશ્રીએ માંગેલ માહિતીનાં મુદ્દાઓ પૈકીનાં મુદ્દા નં.૧ ની આંશિક માહિતી પુરી પાડવાનો આથી હુકમ કરૂં છું. જે મુજબ તેઓની અરજી સ્મીમેર/ઈનવર્ડ નં. ૬૨૬૫, તા. ૧૬/૧૦/૧૭ લાગત થયેલ કાર્યવાહીનાં સ્ટેટસ અંગેની જાણ કરવા જાહેર માહિતી અધિકારીશ્રીએ દિન–૦૨ માં પુરી પાડવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) અરજીનાં મુદ્દા નં. ૪ અન્વયે લાગત ઠરાવ/પરિપત્ર અરજદારોને પુરા પાડવામાં આવેલ હોય જેનું અર્થઘટન બાબત નીતિ વિષયક હોય જે મુખ્ય વિભાગના અભિપ્રાય મુજબ અમલવારી થયેલ છે. તેમજ અરજદારશ્રીનાં એલ.ટી.સી./હોમ ટાઉન એલાઉન્સ કન્સેશન રીઈમ્બર્સમેન્ટનું આખરી ચૂકવણું એકાઉન્ટ વિભાગ(મુખ્ય કચેરી) ધ્વારા કરવામાં આવેલ હોય, અત્રેથી તૈયાર થઈને ચૂકવણા માટે મુખ્ય કચેરીએથી મંજુર કરવામાં આવેલ હોય, જે અંગે વધુ કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી.

નં.સ્મીમેર/ ૪૬૬૦
તા. ૨૪/૦૨/૨૦૧૮

(આર.આર. પટેલ)
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર
સ્મીમેર

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજ્ય કક્ષાની કચેરીઓ, બ્લોક નં. ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેક્ટર નં. ૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

પ્રતિ,
ડો.વિલાસ પુ. ચવાણ
એ–બ્લોક, સ્મીમેર મેડીકલ કોલેજ, સુરત.

[illegible] અને સેક્શન ઓફિસરશ્રી, [illegible] જાણ તથા અમલ માટે.
[illegible] આર.ટી.આઈ.સેલ પ્રતિ.., જાણ માટે.
[illegible] મેડી.કોલેજ) | હેડક્લાર્કશ્રી (એસ્ટે) પ્રતિ... જાણ માટે...

Scanned by CamScanner

RIGHT TO INFORMATION

અપીલ અરજી આઈ.ડી.નં.૦૪
તા.૦૧/૦૩/૨૦૧૮

**અરજદાર**:– ડો.બ્રિજેશકુમાર સાપરીયા

**સામાવાળા**:– જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (સ્મીમેર મેડીકલ કોલેજ)

**વિષય**:– માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૧૦ હેઠની પ્રથમ અપીલ નં. ૦૪ બાબતે.

**સંદર્ભ**:– (૧) આર.ટી.આઈ. એકટ હેઠળ આઈ.ડી.નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ–૧૬૦૯ (સ્મીમેર આઈ.ડી.નં. ૨૩૨), તા. ૧૭/૧૦/૨૦૧૭ અત્રેનાં સ્મીમેર/ઈન/નં. ૬૩૮૨, તા. ૨૩/૧૦/૨૦૧૭ થી માહિતી માંગતી અરજી.

(૨) સ્મીમેર/૩૨૬૩, તા.૦૧/૧૧/૨૦૧૭ થી કરવામાં આવેલ સુ.મ.પા.નાં અન્ય વિભાગોમાં કરેલ આંશિક તબદીલીનો પત્ર.

(૩) સ્મીમેર/૩૪૨૭, તા.૧૩/૧૧/૨૦૧૭ થી અરજદારને રેકર્ડનું રૂબરૂ નિરીક્ષણ કરવા બાબતે પાઠવેલ પત્ર.

(૪) સ્મીમેર/ઈન/નં.૬૯૯૧, તા.૧૬/૧૧/૨૦૧૭ થી અરજદારનો રેકર્ડનું રૂબરૂ નિરીક્ષણ કરવા માટે અન્ય સમય ફાળવવા વિનંતી કરતો પત્ર.

(૫) સ્મીમેર/૩૫૦૮, તા.૧૭/૧૧/૨૦૧૭ થી અરજદારને રેકર્ડનું રૂબરૂ નિરીક્ષણ કરવા બાબતે પાઠવેલ બીજો પત્ર.

(૬) તા. ૧૭/૧૧/૧૭ નાં રોજ થયેલ રૂબરૂ નિરીક્ષણ બાબતેનું રોજકામ

(૭) સ્મીમેર/ઈન/નં. ૭૨૧૪, તા. ૨૩/૧૧/૧૭ થી અરજદારનો દસ્તાવેજની નકલ માંગણી કરતો પત્ર.

(૮) ઉકત અનુસંધાન નં. ૭ હેઠળ અત્રેથી સ્મીમેર/ઈન નં. ૩૬૩૮, તા.૨૮/૧૧/૨૦૧૭ થી અરજદારને પાઠવેલ પત્ર.

(૯) સ્મીમેર/ઈન/નં.૭૪૦૦, તા.૦૧/૧૨/૨૦૧૭ થી અરજદારે સંદર્ભ– ૭ થી પાઠવેલ પત્રનો જવાબ

(૧૦) સ્મીમેર/૩૭૩૨, તા.૦૮/૧૨/૨૦૧૭ થી અરજદારને નકલ ફી ભરવા બાબતે પાઠવેલ પત્ર.

(૧૧) સ્મીમેર/ઈન/નં.૭૭૧૫, તા.૧૩/૧૨/૨૦૧૭ થી અરજદારે નકલ ફી ભર્યાનો પત્ર.

(૧૨) સ્મીમેર/આરટીઆઈ/૩૭૭૪, તા.૧૩/૧૨/૨૦૧૭ થી અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી/દસ્તાવેજી નકલોનો પત્ર.

(૧૩) સ્મીમેર/ઈન/નં.૯૮૩૦, તા.૨૨/૦૧/૨૦૧૮ થી અરજદારની પ્રથમ અપીલ.

(૧૪) સ્મીમેર/આરટીઆઈ/૪૬૬૨, તા.૧૪/૦૨/૨૦૧૮ થી રૂબરૂ સુનાવણી અંગેની જાણ.

**ફરીયાદની હકીકત**:–

ફરીયાદની હકીકત:– સ્મીમેર મેડીકલ કોલેજમાં ફરજ બજાવતા હોય તેઓની ઉપરોકત સંદર્ભ–૧ ની

અરજદાર શ્રી ડો.બ્રિજેશકુમાર સાપરીયા, સ્મીમેર મેડીકલ કોલેજમાં ફરજ બજાવતા હોય, સદર અરજી અન્વયે સંદર્ભ–૨ થી અત્રે ફરજ બજાવી ગયેલ

માહિતી માંગતી અરજીનાં મુદ્દા નં.૨ અત્રેની કચેરીને લાગત હોય, સદર અરજી અન્વયે સંદર્ભ–૨ થી અત્રે ફરજ બજાવી ગયેલ

ઈ.ચા.પર્સોનેલ ઓફિસર, પર્સોનેલ ઓફિસર, એકાઉન્ટન્ટ, ઈ.ચા. એકાઉન્ટન્ટ, ડે. એકાઉન્ટન્ટ, ઈ.ચા. ડે. એકાઉન્ટન્ટ, સેકશન

ઓફિસર, ઈ.ચા. સેકશન ઓફિસર પૈકી જે–તે અધિકારીઓની સુ.મ.પા.નાં અન્ય વિભાગોમાં બદલી થતા તેઓને લાગત માહિતી

માટે તેઓની હાલ ચાલુ ફરજના લાગત વિભાગમાં આંશિક તબદીલી કરવામાં આવેલ. જયારે માંગેલ માહિતી પૈકીની રેકર્ડ પર

ઉપલબ્ધ માહિતી અન્વયે સંદર્ભ–૩ થી અરજદારને રૂબરૂ નિરીક્ષણ અર્થે જાણ કરવામાં આવેલ છે.

જેના અનુસંધાને અરજદારશ્રીએ સંદર્ભ–૪ નાં પત્રથી સંદર્ભ–૩ અન્વયે મુકરર કરવામાં આવેલ રૂબરૂ રેકર્ડ નિરીક્ષણ

કરવા માટે અન્ય કોઈ તારીખ અને સમય રાખવા વિનંતી કરેલ. જેથી જાહેર માહિતી અધિકારીશ્રીએ સદર વિનંતી મુજબ સંદર્ભ–૫

મુજબ બીજો પત્ર પાઠવી અરજદારશ્રીને રૂબરૂ નિરીક્ષણ અર્થેનો તારીખ અને સમય ફાળવેલ. જે બાબતે અરજદારશ્રી ધ્વારા મુકરર

થયેલ દિવસે રૂબરૂ નિરીક્ષણ કરવામાં આવેલ, જે અંગેનું રોજકામ રેકર્ડ કરવામાં આવેલ. જે અત્રે સંદર્ભ–૬ મુજબ જણાય આવે છે.

આમ, અરજદારશ્રીએ મૂળ અરજી લગત માંગેલ રૂબરૂ નિરીક્ષણ સમય મર્યાદામાં અપાયેલ જણાય છે. જે અંગે સંદર્ભ–૬

થી નોંધાયેલ રોજકામથી [illegible] છે. પરંતુ સદર રોજકામમાં અરજદારશ્રીએ રેકર્ડ નિરીક્ષણ દરમ્યાન ચકાસેલ દસ્તાવેજ પૈકીનાં

...(૮૨)...

Scanned by CamScanner

કોઈ દસ્તાવેજની પ્રમાણિત નકલની માંગણી કરતા હોવાનું જણાવ્યુ નથી. જેનાં અનુસંધાને અત્રેથી માહિતી માંગતી અરજીનો હકારાત્મક નિકાલ થયેલ હોવાનું ફલિત થાય છે.

મૂળ અરજી અને તે અનુસંધાને થયેલ કાર્યવાહી સમાપ્ત થયા બાદ અરજદારશ્રીએ સંદર્ભ–૭ થી નિરીક્ષણ દરમ્યાન ચકાસેલ દસ્તાવેજો પૈકી તેઓને નિરીક્ષણ અર્થે આપવામાં આવેલી હાલ ફરજ પરનાં ડે. એકાઉન્ટન્ટશ્રી તથા સેકશન ઓફિસરશ્રીની સર્વિસબુકનાં કેટલાક પાનાઓની પ્રમાણિત નકલોની માંગણી કરવામાં આવેલ. જે લાગત સંદર્ભ–૮ થી અરજદારશ્રીએ કોર્ટ ફી સ્ટેમ્પ ભરેલ, પરંતુ માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ તથા માહિતી અધિકાર અધિનિયમોનાં નિયમ, ૨૦૧૦ અન્વયે નકલ ફી માટે નિયત રીતે નકકી કરેલ નકલ ફી ચૂકવવા માટે જણાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે સંદર્ભ–૯ થી જવાબ પાઠવેલ છે.

સંદર્ભ–૯ અન્વયે અરજદારશ્રીને સંદર્ભ–૧૦ થી જરૂરી નકલ ફી ભરવા માટે જણાવવામાં આવેલ, જેનો અરજદારશ્રીએ સંદર્ભ–૧૧ થી નકલ ફી ભર્યા બાબતે અત્રેની કચેરીએ પત્ર પાઠવેલ. આમ, અરજદારશ્રીએ નકલ ફી ભર્યાની ખરાઈ કર્યા બાદ જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ– ૧૨ થી અરજદારે માંગેલ નકલો પુરી પાડેલાનું રેકર્ડ જણાય આવે છે.

ત્યારબાદ અરજદારશ્રીએ સંદર્ભ–૧ લગત પુરી પાડવામાં આવેલ માહિતી/નકલો અધુરી હોવાની રજુઆત કરી સંદર્ભ–૧૩ થી અત્રેની કચેરીએ પ્રથમ અપીલ કરેલાની રજુઆત કરેલ છે.

સદર બાબતે અરજદારશ્રીને અત્રેની કચેરી ધ્વારા સંદર્ભ–૧૪ થી પ્રથમ અપીલની સુનાવણી મુકરર કરતો પત્ર પાઠવવામાં આવેલ. સદર મુકરર તારીખ અને સમયે અરજદારશ્રી પોતે, જાહેર માહિતી અધિકારીશ્રી, સ્મીમેર તથા સંબંધિત કર્મચારી ઉપસ્થિત રહેતા પ્રથમ અપીલની સુનાવણી શરૂ કરવામાં આવેલી.

અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારીશ્રી, સ્મીમેર મેડીકલ કોલેજનાંએ પાઠવેલ જવાબ/પ્રત્યુત્તર તા. ૧૪/૧૨/૨૦૧૭ નાં રોજ મળી ગયેલ છે. જયારે તેઓએ સદર જવાબ કે તેઓની મૂળ અરજી લગત કરેલ તા.૨૨/૧૧/૨૦૧૭ નાં રોજનું નિરીક્ષણ કરાવ્યા બાદ દિન–૩૦ માં ઉક્ત જવાબ/પ્રત્યુત્તરથી નારાજ થયેથી પ્રથમ અપીલ કરવાપાત્ર થાય છે. જયારે અરજદારશ્રીએ તા.૨૨/૦૧/૨૦૧૮ નાં રોજ અત્રેની કચેરીએ પ્રથમ અપીલ કરેલ છે. જેથી અરજદારશ્રીએ પ્રથમ અપીલ કરવામાં ઢીલ કરેલ છે.

જે બાબતે અરજદારશ્રીનો પ્રથમ નિયત સમય પછી પ્રથમ અપીલ કરવા અંગે ખુલાસો માંગવામાં આવેલ. જેનાં પ્રત્યુત્તરમાં અરજદારશ્રીએ રજુઆત કરેલ કે, તેઓની મૂળ અરજી સુ.મ.પાનાં અન્યત્ર વિભાગોમાં તબદીલ થયેલી હોય, જે વિભાગો ધ્વારા એજન તબદીલી અરજી સંદર્ભે પાઠવાયેલ જવાબ/પ્રત્યુત્તર મળ્યા બાદ પ્રથમ અપીલ કરેલ છે.

પરંતુ તેઓએ પ્રથમ અપીલ કરવામાં થયેલ ઢીલ દરગુજર કરવા પ્રથમ અપીલમાં કોઈ સ્પષ્ટ કારણ જણાવ્યુ નથી. જયારે તેઓને મૌખિકમાં ખુલાસો માંગતા તેઓએ મૌખિક ખુલાસો કરેલ, પરંતુ સદર ઢીલ દરગુજર કરવા પણ કોઈ રજુઆત કરેલ નથી. જેથી ઉપરોક્ત હકીકતનાં આધારે ઢીલ દરગુજર કરવી કે કેમ? તે અંગે પ્રથમ અપીલનાં હુકમ સાથે હુકમ કરેલ છે.

**પ્રથમ અપીલની હકીકત ધ્યાને લેતા, સદર સુનાવણીમાં અરજદારની રજુઆત છે કે, પી.આઈ.ઓ. સ્મીમેર કોલેજ ધ્વારા તા. ૦૧/૦૧/૨૦૧૨ થી તા. ૧૦/૧૦/૨૦૧૭ સુધી સ્મીમેર કોલેજમાં ફરજ બજાવતા હોય તેવા બધા જ ઈ.ચા. બજેટ સેન્ટર, પી.ઓ., ઈ.ચા. પી.ઓ., એસ.ઓ., ઈ.ચા. એસ.ઓ., એકા., ઈ.ચા. એકા., ડે. એકા., ઈ.ચા. ડે.એકા., એ જો એલ.ટી.સી. લીધુ હોય તો તેમની એલ.ટી.સી.ની ઓરીજીનલ ફાઈલ અને જો ના લીધુ હોય તો ઓરીજીનલ સર્વિસબુકનું રૂબરૂ નિરીક્ષણ માંગવામાં આવેલ. જે પૈકી માત્ર બે જ કર્મચારીઓ સી.કે.ગેણીવાલા (૧૨૩૪૯) અને એમ.પી. ઘીવાલા(૧૨૩૪૯) ની ઓરીજીનલ સર્વિસબુક જોવા મળેલી હતી. બાકીના બધા જ અધિકારી/કર્મચારીઓનાં બાકી રહેતા દસ્તાવેજોની નિરીક્ષણ કરવા માંગણી કરવામાં આવેલી છે.**

**જે અનુસંધાને સામાવાળાની રજુઆત છે કે, એલ.ટી.સી. બાબતે સદર સમયગાળામાં ફરજ બજાવી ગયેલ બાકી રહેતા અધિકારી/કર્મચારીની માહિતી પૈકી અત્રેનાં રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય તેવી માહિતી આપી શકાય તેમ છે.**

**ઉક્ત રેકર્ડ પરની હકીકતનાં આધારે સૌપથમ બે મુદ્દા લગત હુકમ કરવાનો ઉચિત જણાય છે.**

**(૧) અરજદારશ્રીએ પ્રથમ અપીલ કરવામાં ઢીલ કરેલ છે, પરંતુ સદર ઢીલ દરગુજર કરવા લેખિત કે મૌખિક રજુઆત કરી નથી. તેમછતાં સદર ઢીલ દરગુજર કરવી કે કેમ?**

**(૨) જો ઢીલ દરગુજર થાય તો પ્રથમ અપીલ બાબતે શું હુકમ ?**



Scanned by CamScanner

 

**મુદ્દા નં. ૧ ની ચર્ચા :–**

અરજદારે પ્રથમ અપીલ કરવામાં થયેલ ઢીલ બાબતે ઉક્ત રજુઆતમાં તેઓને અન્ય વિભાગોમાંથી મૂળ અરજીનો કોઈ જ જવાબ કે પ્રત્યુત્તર મળેલ ન હોય, જેથી વિલંબ થયેલ છે. પરંતુ સદર ઢીલ દરગુજર કરવા કોઈ વિનંતી કરેલ નથી. અરજદારશ્રીની રજુઆત સંતોષકારક જણાતી નથી. તેમછતાં અરજદારશ્રીને માંગેલ માહિતી મળી શકે તેમ હોય તથા હકારાત્મક અભિગમનાં આધારે પ્રથમ અપીલ કરવામાં થયેલ ઢીલ દરગુજર કરવાપાત્ર રહે છે.

**મુદ્દા નં. ૨ ની ચર્ચા :–**

ઉપરોક્ત ઢીલ બાદ અરજદારશ્રીની પ્રથમ અપીલ બાબતે અરજદારશ્રીની ઉક્ત રજુઆત અન્વયે તેઓ અત્રેની કચેરીમાં ફરજ બજાવી ગયેલ હોય અને હાલ ફરજ પરનાં અધિકારીઓ/કર્મચારીઓની એલ.ટી.સી. લાગતની માહિતી માંગેલ હતી, જેનાં અનુસંધાને સામાવાળાએ સદર માહિતી ઉપલબ્ધ રેકર્ડ પર હોય તો પુરી પાડવામાં આવશે. તેમ ધ્યાને લેતાં પ્રથમ અપીલનો નીચે મુજબનો હુકમ કરી નિકાલ કરવામાં આવે છે.

## **હુકમ**

(૧) આથી અરજદારશ્રીની તા. ૨૨/૦૧/૨૦૧૮ નાં રોજની પ્રથમ અપીલ ઢીલ દરગુજર કરી દફતરે નોંધવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અરજદારની માહિતી માંગતી અરજીનાં અનુસંધાને જો કોઈ માહિતી સ્મીમેર મેડીકલ કોલેજ (એકાઉન્ટ/એસ્ટા.સેકશન)નાં રેકર્ડ પર હોય તો તેવી માહિતી તેઓને નિયમોનુસાર નિરીક્ષણ અર્થે આ હુકમ જાહેર થયાનાં દિન–૦૭ માં આપવા આથી જાહેર માહિતી અધિકારી તથા મદદનીશ જાહેર માહિતી અધિકારીને આપવા આથી હુકમ કરવામાં આવે છે.

**નં.સ્મીમેર/ ૫૦૭૬**
**તા.૯/૦૩/૨૦૧૮**

**(આર.આર. પટેલ)**
**અપીલ અધિકારી અને**
**ઈ.ચા.પર્સોનેલ ઓફિસર**
**સ્મીમેર**

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં. ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

**પ્રતિ,**
**ડો.બ્રિજેશકુમાર જે. સાપરીયા,**
**એ/૧૦૬, પ્રથમ માળ સ્વપ્ન સૃષ્ટિ કોમ્પલેક્ષ,**
**આઈમાતા ચોક પાસે, પ્રમુખ ડોકટર હાઉસની સામે,**
**પરવટ પાટીયા,સુરત–૩૯૫૦૧૦.**

ન.સ.રવાના : જા. મા. અ. અને સેકશન ઓફિસરશ્રી, સ્મીમેર મેડીકલ કોલેજ પ્રતિ...જાણ તથા અમલ માટે.
ન.સ.રવાના : આસી. નોડલ [illegible]શ્રી, આર.ટી.આઈ. સેલ પ્રતિ.., જાણ માટે.

Scanned by CamScanner

RIGHT TO INFORMATION

અપીલ અરજી આઈ.ડી.નં.૦૫
તા. ૧૨/૦૩/૨૦૧૮

**<u>અરજદારઃ</u>**– ડો.બ્રિજેશકુમાર સાપરીયા

**<u>સામાવાળાઃ</u>**– જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (સ્મીમેર મેડીકલ કોલેજ)

**વિષયઃ–** માહિતી અધિકાર અધિનિયમ,૨૦૦૫ હેઠળની પ્રથમ અપીલ નં. ૦૫ બાબતે.

**સંદર્ભઃ–**
(૧) આર.ટી.આઈ. એકટ હેઠળ સ્મીમેર આઈ.ડી.નં. ૨૪૦, તા. ૧૮/૦૧/૨૦૧૮ અત્રેનાં સ્મીમેર/ઈન/નં. ૯૭૫૭, તા. ૧૮/૦૧/૨૦૧૮ થી માહિતી માંગતી અરજી.
(૨) સ્મીમેર/આરટીઆઈ/૪૫૬૯, તા.૦૬/૦૨/૨૦૧૮ થી અરજદારને રેકર્ડનું રૂબરૂ નિરીક્ષણ કરવા બાબતે પાઠવેલ પત્ર.
(૩) તા. ૧૪/૦૨/૧૮ નાં રોજ થયેલ રૂબરૂ નિરીક્ષણ બાબતેનું રોજકામ.
(૪) સ્મીમેર/આર.ટી.આઈ./૪૬૯૪, તા.૧૪/૦૨/૧૮ થી અરજદારને દસ્તાવેજની નકલ ફી ભરવા બાબતે પાઠવેલ પત્ર.
(૫) સ્મીમેર/ઈન/નં.૧૦૭૬૯, તા.૧૬/૦૨/૨૦૧૮ થી અરજદારે નકલ ફી ભર્યાનો પત્ર.
(૬) સ્મીમેર/આરટીઆઈ/૪૮૨૩, તા.૧૭/૦૨/૨૦૧૮ થી અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી/દસ્તાવેજી નકલોનો પત્ર.
(૭) સ્મીમેર/ઈન/નં.૧૦૯૧૫, તા.૨૨/૦૨/૨૦૧૮ થી અરજદારની પ્રથમ અપીલ.
(૮) સ્મીમેર/આરટીઆઈ/૫૧૫૫, તા.૦૫/૦૩/૨૦૧૮ થી રૂબરૂ સુનાવણી અંગેની જાણ.
(૯) પ્રથમ અપીલમાં કરેલ રોજકામ.

**<u>ફરીયાદની હકીકતઃ–</u>**

અરજદાર શ્રી ડો.બ્રિજેશકુમાર સાપરીયા, સ્મીમેર મેડીકલ કોલેજમાં ફરજ બજાવતા હોય તેઓની ઉપરોકત સંદર્ભ–૧ ની માહિતી અધિકાર અધિનિયમ મુજબ તેઓએ બ્લોક વર્ષ ૨૦૧૨–૨૦૧૫ નાં રોજ કરેલ એલ.ટી.સી. પ્રવાસ બાબતેનાં રેકર્ડ નિરીક્ષણની માંગણી કરેલ. જે બાબતે અત્રેથી સંદર્ભ–૨ થી અરજદારશ્રીને સદર બાબતે રૂબરૂ નિરીક્ષણ અર્થે પત્ર પાઠવેલ. સદર પત્ર મુજબ મુકરર દિવસે સામાવાળાએ અરજદારશ્રીને તેઓની માંગણી મુજબ રેકર્ડ નિરીક્ષણ પુરૂ પાડેલાનું તે દિવસનાં રોજ થયેલ સંદર્ભ–૩ નાં રોજકામ પરથી ફલિત થાય છે.

સદર રોજકામ વંચાણે લેતા, અરજદારશ્રીએ રૂબરૂ રેકર્ડ નિરીક્ષણ દરમ્યાન કુલ–૬૯ પાનાઓની માંગણી કરતા, સામાવાળાએ તેઓની માંગણી મુજબ નિયમોસારની નકલ ફી ભરવા સંદર્ભ–૪ થી પત્ર પાઠવેલ. જે મુજબ સંદર્ભ–૫ થી અરજદારશ્રીએ સદર નકલ ફી ભર્યા બાબતે જાણ કરતા, સંદર્ભ–૬ થી માંગયા મુજબની નકલો માહિતી અધિકાર અધિનિયમ હેઠળ પુરી પાડવામાં આવ્યા છે તેવા સિકકા કરી નકલો અરજદારશ્રીને પુરા પાડેલાનું જણાય છે. જે અનુસંધાને સામાવાળા ધ્વારા અરજદારશ્રીની તેઓની મૂળ અરજી બાબતે સંપુર્ણ કાર્યવાહી પૂર્ણ કરેલ હોવાનું જણાય છે.

ઉકત નકલો અરજદારશ્રીને મળતા જ અત્રેની કચેરીમાં સંદર્ભ–૭ થી પ્રથમ અપીલ કરેલ છે. જે અંગે સંદર્ભ–૮ થી અરજદારશ્રીને પત્ર પાઠવી પ્રથમ અપીલની રૂબરૂ સુનાવણી મુકરર કરવામાં આવ્યા બાબતેનો પત્ર પાઠવવામાં આવેલ છે. જે પત્ર અરજદારશ્રીને સત્વરે, સમયસર તથા વહીવટી અને આર્થિક સરળતા માટે ટપાલ મારફતે હાથોહાથ મોકલતા તેઓ ધ્વારા પત્ર સ્વીકારાયેલ ન હતો. જેથી તેઓને સ્પીડ પોસ્ટ મારફતે સદર પત્ર રવાના કરવામાં આવેલ. આ હકીકતે, તેઓને તેમના મોબાઈલ ફોન ઉપર પ્રથમ અપીલની સુનાવણી બાબતે મૌખિક સંદેશો પણ પાઠવવામાં આવેલ.

સદર પત્ર અરજદારશ્રીને મળતા મુકરર દિવસે અરજદારશ્રી, સામાવાળા અને સંબંધિત કર્મચારી ઉપસ્થિત રહેતા પ્રથમ અપીલની સુનાવણી કરવામાં આવેલ છે. જે બાબતે સંદર્ભ–૯ થી રોજકામ નોંધવામાં આવેલ છે.

અરજદારે તેઓની લેખિત, મૌખિક તેમજ રોજકામમાં નોંધેલ રજુઆતો ધ્યાને લેતા તેઓ જણાવે છે કે, . . .

**(૧) પ્રથમ અપીલનાં મુદ્દા–'(ક)' માં રજુઆત છે કે, તેઓશ્રીની મ્યુનીસીપલ કમિશનરશ્રી, સુરત મહાનગરપાલીકા, સુરતને કરવામાં આવેલી અરજી–સ્મીમેર/પેથો/આઉટ નં. ૧૭૩, તા.૧૭/૦૫/૨૦૧૭ નાં રોજની અરજી અને તે સંદર્ભે થયેલ કાર્યવાહીનું નિરીક્ષણ આપવામાં આવેલ નથી.**

....((૨))....

Scanned by CamScanner

(૨) પ્રથમ અપીલનાં મુદ્દા–'(ખ)' માં રજુઆત છે કે, સદર અપીલમાં દર્શાવ્યા/બિડાણ–૨ થી ૮ મુજબના કાગળોને મ્યુનીસીપલ કમીશનરશ્રી, સુરત મહાનગપાલિકા, સુરતને મોકલવામાં આવેલા હતા કે કેમ? અને જો મોકલવામાં આવેલા હોય તો તે અંગે કરવામાં આવેલી કાર્યવાહીના કાગળો તેઓને નિરીક્ષણ કરવા માટે આપવામાં આવેલા નહોતા. તો બધા જ કાગળોની રૂબરૂ નિરીક્ષણ કરવા માટે અને તેની પ્રમાણીત નકલોની માંગણી કરવામાં આવેલ.

(૩) પ્રથમ અપીલનાં મુદ્દા–'(ગ)' માં રજુઆત છે કે, સદર અપીલમાં દર્શાવ્યા/બિડાણ–૯ મુજબના કાગળો અરજદારશ્રીને રૂબરૂ નિરીક્ષણ અર્થે આપવામા આવેલ હતા, પરંતુ તેમા દર્શાવેલા સન્દર્ભોની નકલોના કાગળો તેઓને નિરીક્ષણ કરવા માટે આપવામાં આવેલા નથી

(૪) પ્રથમ અપીલનાં મુદ્દા–'(ઘ)' માં રજુઆત છે કે, સદર અપીલમાં દર્શાવ્યા/બિડાણ–૧૦ થી ૧૩ મુજબના કાગળો અરજદારશ્રીને રૂબરૂ નિરીક્ષણ અર્થે આપવામા આવેલ હતા, તે કાગળો જે કયા સંદર્ભોને આધારે બનાવવામા આવેલા છે અને તેના ફોરવર્ડીગ પત્રની નકલો ના કાગળો તેઓને નિરીક્ષણ કરવા માટે આપવામાં આવેલા નથી.

(૫) પ્રથમ અપીલનાં મુદ્દા–'(ચ)' માં રજુઆત છે કે, સદર અપીલમાં દર્શાવ્યા/બિડાણ–૧૪ થી ૧૬ મુજબના કાગળો અરજદારશ્રીને રૂબરૂ નિરીક્ષણ અર્થે આપવામા આવેલ હતા, જેની પ્રમાણીત નક્લો માંગેલ, પરંતુ તે નકલોમાં કેટલીક જરૂરી માહિતી કપાઈ ગયેલી/નકલમા ન આવેલાની અને તે સુવાચ્ય અને મુળ નકલમા હોય તે બધી જ માહિતીની પ્રમાણીત નકલો તેઓના ટપાલ ધ્વારા સરનામે પુરી પાડવાની માંગણી કરેલ છે.

(૬) તેઓને પુરી પાડવામાં આવેલી નકલો પર " માહિતી માંગવાના અધિનિયમ હેઠળની માંગવામા આવેલ માહિતીની નકલ" એમ સીકકા મારેલા છે, પરંતુ આ નકલો પ્રમાણિત કરી નથી. માહિતી અધિકાર અધિનિયમ : ૨૦૦૫ હેઠળ પુરી પાડવામા આવેલી માહિતી પ્રમાણિત કરેલી હોવી જોઈએ, આમ પુરી પાડવામાં આવેલી અને આવતી માહિતીની પ્રમાણિત નકલો તેઓને તેઓના સરનામે ટપાલ ધ્વારા મોકલવાની માંગણી કરેલ છે.

જે અનુસંધાને સામાવાળાની રજુઆત છે કે, અત્રેનાં રેકર્ડની ચકાસણી કરી બાકીની માહિતી આપી શકાય તેમ છે, તેમજ ઉપરોક્ત મુદ્દાઓ લગત ચર્ચા કરવામાં આવેલ.

ઉકત રેકર્ડ પરની હકીકતનાં આધારે અરજદારશ્રીનાં પ્રથમ અપીલની રજુઆત બાબતેનાં મુદ્દા લગત ચર્ચા કરવાનું ઉચિત જણાય છે. જેથી પ્રથમ અપીલનો ગુણદોષ આધારિત નિર્ણીય કરી શકાય.

**(૧) અરજદારશ્રીએ પ્રથમ અપીલ નમુના–'ચ' નાં મુદ્દા નં. ૮(ખ) માં ઉલ્લેખ કરેલ છે કે, સામાવાળાના તા. ૧૭ ફેબ્રુઆરી ૨૦૧૮, નં.સ્મીમેર/આરટીઆઈ/૪૮૨૩ ના રોજના નિર્ણયથી નારાજ હોવાથી, જે બાબતે અરજદારશ્રીની મૂળ અરજી(આઈ.ડી.નં.૨૪૦) સંદર્ભ–૧ અને તે બાબતે સામાવાળાએ આપેલ જવાબ સંદર્ભ–૬ વંચાણે લેતા આ પ્રથમ અપીલમાં કરેલ ઉભયપક્ષોની રજુઆતો ધ્યાને લઈ આ પ્રથમ અપીલનો ગુણદોષ નકકી કરવા જોગ છે.**

**(૨) રેકર્ડનું નિરીક્ષણ બાબતે કરેલ રોજકામ ધ્યાને લેતા અરજદારશ્રીએ નિરીક્ષણ દરમ્યાન કેટલાક દસ્તાવેજોની નકલો માંગવામાં આવેલ છે, પરંતુ તેમાં તેઓએ અન્ય કોઈ રજુઆત કરેલ નથી. જે બાબતે સામાવાળાએ માંગ્યા મુજબની નકલો માટે નિયમોનુસારની નકલ ફી વસુલ લીધેલ છે અને તે મુજબ નિયમોનુસાર સીકકા કરી અરજદારશ્રીને નક્લો પુરી પાડેલ**



Scanned by CamScanner

છે. આમ, પ્રથમદર્શનીય રીતે સામાવાળાએ અરજદારશ્રીની અરજી આઈ.ડી.નં.૨૪૦ અન્વયે નિયમોનુસારની કાર્યવાહી કરી હોવાનું જણાય આવે છે.

(૩) જેથી પ્રાથમિક રીતે અરજંદારની પ્રથમ અપીલ ઉકત કારણસર ચલાવવાપાત્ર રહેતી ન હોવાની જણાય છે.

(૪) પરંતુ અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીમાં કરેલ રજુઆતો ધ્યાને લેતા અને સામાવાળાની રજુઆત જોતા સદર અપીલ ચલાવવા જોગ જણાય છે.

(૫) અરજદારે ઉપસ્થિત કરેલ મુદ્દા–'(ક)' ની માંગણીનો સામાવાળાએ રેકર્ડની ચકાસણી કરી આપવામાં આવશે તેમ રજુઆત કરેલ છે, જેથી સદર મુદ્દો તે રીતે નિર્ણીત કરવામાં આવે છે.

(૫)(એ) અરજદારે ઉપસ્થિત કરેલ મુદ્દા–'(ખ)' અન્વયે પ્રશ્નોત્તરી કરવામાં આવેલ છે અને તે લગત મૂળ અરજીમાં માંગ્યા મુજબની માહિતીમાં સ્પષ્ટ રીતે સમાવિષ્ટ ન કરી માંગણી કરેલ હોવાનું જણાય છે. પરંતુ સદર મુદ્દો ઉપરોકત મુદ્દા–'(ક)' સાથે સંકળાયેલ હોય, તે બાબતે પણ ઉકત રીતે નિર્ણીત કરવામાં આવે છે.

(૫)(બી) અરજદારે ઉપસ્થિત કરેલ મુદ્દા–'(ગ)' માં તેઓ સ્વીકાર કરે છે કે, જે નકલો મૂળ અરજી બાબતે રેકર્ડ નિરીક્ષણમાં માંગેલ તે પુરી પાડેલ છે. જેથી સદર નકલોમાં ઉલ્લેખાયેલ/દર્શાવાયેલ સંદર્ભોની માંગણી, મૂળ અરજી તથા તે લાગતનાં રેકર્ડ નિરીક્ષણ દરમ્યાન કરવામાં આવેલ રોજકામની નોંધ ધ્યાને લેતા તેમાં પણ માંગણી કરેલ નથી. જેથી આવી માંગણી પ્રથમ અપીલમાં કરવી નિરર્થક બને છે. પરંતુ તે બાબતે અરજદારશ્રી માહિતી અધિકાર અધિનિયમ હેઠળ સક્ષમ સત્તા સમક્ષ અરજી કરી માંગણી કરી શકે છે. જેથી અરજદારનો આ મુદ્દામાં કોઈ ગુણ જણાતો ન હોય તે આ રીતે નિર્ણીત કરવામાં આવે છે.

(૫)(સી) અરજદારે ઉપસ્થિત કરેલ મુદ્દા–'(ઘ)' બાબતેની રજુઆત પણ તેઓની મૂળ અરજી, તથા તે લાગત થયેલ રેકર્ડ નિરીક્ષણનાં રોજકામ જોતાં એ મુજબની કોઈ માંગણી અરજદારશ્રીએ કરેલ નથી. જેથી તેવી માંગણી પ્રથમ અપીલમાં નિરર્થક બને છે. જેથી અરજદારનો આ મુદ્દામાં પણ કોઈ ગુણ જણાતો ન હોય તે આ રીતે નિર્ણીત કરવામાં આવે છે.

(૫)(ડી) અરજદારે ઉપસ્થિત કરેલ મુદ્દા–'(ચ)' અન્વયે દર્શાવેલ/બિડાણ– ૧૪ થી ૧૬ મુજબની માહિતીની નકલો કપાઈ ગયેલાંની/નકલ મા ન આવેલાની રજુઆત અન્વયે તેઓને સદર નકલો વિનામુલ્યે પાઠવવા જોગ જણાય છે. જેથી સદર મુદ્દો આ રીતે નિર્ણીત કરવામાં આવે છે.

(૫)(ઈ) અરજદારે ઉપસ્થિત કરેલ મુદ્દા–'(છ)' માં અરજદારશ્રીને પુરી પાડેલ નકલો પર " માહિતી માંગવાના અધિનિયમ હેઠળની માંગવામાં આવેલ માહિતીની નકલ" એમ સીકકા છે, પરંતુ આ નકલો પ્રમાણિત કરેલ ન હોવાની રજુઆત કરવામાં આવેલ છે. સદર બાબતે અરજદારશ્રીએ માહિતી અધિકાર અધિનિયમમાં તે બાબતેની કોઈ જોગવાઈનો ઉલ્લેખ કરેલ નથી, તેમજ માહિતી અધિકાર અધિનિયમ મુજબની સક્ષમ સત્તાએ જે નકલો અરજદારશ્રીને પાઠવેલ છે. તે નિયમોનુસારની કાર્યવાહી કરી, તે બાબતેની નિયમોનુસારની ફી વસુલ લઈ, નિયત નમૂનામાં સદર નકલો પર જરૂરી સિકકા કરી પાઠવવામાં આવેલ છે. જેમાં કોઈ ક્ષતિ કે કાયદાકીય ક્ષતિ હોવાનું ફલિત થતુ નથી. જેથી અરજદારશ્રીનો સદર મુદ્દો તે રીતે નિર્ણીત કરવામાં આવે છે.



Scanned by CamScanner

(૬) ઉકત મુદ્દા બાદ વધુમાં અન્ય કોઈ મુદ્દો પ્રથમ અપીલની સુનાવણીમાં ઉપસ્થિત થયેલ ન હોય, આ પ્રથમ અપીલનો ઉપરોક્ત રેકર્ડ પરની તમામ હકીકતો અને ચર્ચેલ કારણોથી અરજદારશ્રીની પ્રથમ અપીલનો નીચે મુજબનો હુકમ કરી નિકાલ કરવામાં આવે છે.

## હુકમ

(૧) આથી અરજદારશ્રીની તા. ૨૨/૦૨/૨૦૧૮ નાં રોજની પ્રથમ અપીલ આંશિક રીતે મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદારની પ્રથમ અપીલનાં મુદ્દા–'(ક)' અને '(ખ)' અંગેની માહિતી અત્રેનાં રેકર્ડની ચકાસણી કરી જો કોઈ માહિતી સ્મીમેર મેડીકલ કોલેજ (એકાઉન્ટ/એસ્ટા.સેકશન)નાં રેકર્ડ પર હોય તો તેવી માહિતી તેઓને નિયમોનુસાર નિરીક્ષણ અર્થે આ હુકમ જાહેર થયાનાં દિન–૦૭ માં આપવા આથી જાહેર માહિતી અધિકારી તથા મદદનીશ જાહેર માહિતી અધિકારીને આપવા આથી હુકમ કરવામાં આવે છે.

(૩) અરજદારશ્રીની પ્રથમ અપીલનાં મુદ્દા–'(ચ)' અન્વયેની રજુઆત મુજબમાં દશાવેલ/બિડાણ નં. ૧૪ થી ૧૬ ની તમામ નકલો નિયમોનુસાર વિનામૂલ્યે પુરી પાડવા આ હુકમ જાહેર થયાનાં દિન–૦૭ માં આપવા આથી જાહેર માહિતી અધિકારી તથા મદદનીશ જાહેર માહિતી અધિકારીને આપવા આથી હુકમ કરવામાં આવે છે.

(આર.આર. પટેલ)
અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર
સ્મીમેર

નં.સ્મીમેર/ ૫૨૭૧
તા.૧૯/૦૩/૨૦૧૮

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજ્ય કક્ષાની કચેરીઓ, બ્લોક નં. ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

પ્રતિ,
ડો.બ્રિજેશકુમાર જે. સાપરીયા,
એ/૧૦૬, પ્રથમ માળ સ્વપ્ન સૃષ્ટિ કોમ્પલેક્ષ,
આઈમાતા ચોક પાસે, પ્રમુખ ડોકટર હાઉસની સામે,
પરવટ પાટીયા,સુરત–૩૯૫૦૧૦.

Scanned by CamScanner